

કૃષિ ઉત્પાદન અને

# બજાર દર્શન

કૃષિ ઉદય...


અંક : ૧ ખંડ : ૧ જુલાઈ ૨૦૧૫



અધ્યક્ષ :
ડૉ. હરીશ પાઢ

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એમ. એન. સ્વાઈન,
ડૉ. એસ. આર. ભૈયા, શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ



પ્રકાશક :
એગ્રો ઈકોનોમીક રીસર્ચ સેન્ટર,
એસ.પી. યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in


## કૃષિક્ષેત્રમાં ઉત્પાદન પ્રેરીત અભિગમ તરફથી બજાર પ્રેરીત અભિગમ તરફ પ્રયાણ

### પ્રસ્તાવના

કૃષિબજારનું પર્યાવરણ ભૂતકાળની તુલનામાં અને તેના જુદા જુદા પાસાંઓમાં સ્થાનિક સ્તરથી માંડીને વૈશ્વિક સ્તર સુધી ખુબ જ ઝડપથી બદલાઇ રહ્યું છે. પ્રસ્તુત ઉત્સાહભર ફેરફારો ખેત કિંમતોને અસર કરે છે જેના દ્વારા ખેત આવકોને પણ અસર થાય છે. દેશના મોટા ભાગના ગ્રામિણ ઉત્પાદકો બજારના આવા ફેરફારોનું અર્થઘટન કરવા અસમર્થ છે અને તેથી તેમાંથી તેમના માટે લાભો મેળવવા પણ અઘરા બની જાય છે. વર્તમાન પરિસ્થિતીમાં ખેડૂત માટે અતિ મહત્વનુ બજારનું માહિતીલક્ષી કોઇ નિક્ષેપ હોય તો તે જુદા જુદા બજારોમાં કૃષિ ભાવ વિષયક જાણકારી છે. ઉચ્ચ કિંમતો ધરાવતા પાકો (જેવાં કે બાગાયતી પાકો, મસાલા પાકો, અને અન્ય વાણિજ્ય પાકો)માં ખેડૂત બજારમાં સફળ થાય તે માટે તેની પાસે ઉપભોક્તાઓની પસંદગીઓ અને બજાર ભાવોની સારી એવી સમજણ હોવી જરૂરી છે. કેટલાક પાકો તેમના ભાવોના સંદર્ભમાં ખુબ જ અસ્થિરતા/ચંચળતાનું દર્શન કરાવે છે. મોટા ભાગના ખેડૂતો હજુ પણ તેમના ઉત્પાદન વિષયક તેમજ બજાર વિષયક નિર્ણયો લેવામાં કૃષિભાવોની જાણકારી બાબતે અજ્ઞાનતા અને ઓછી સમજણ ધરાવતા જોવા મળે છે.

### અમારા ઉદ્દેશો

★ શ્રેષ્ઠ કૃષિલક્ષી નિર્ણયોને પ્રોત્સાહન આપવા માટે પ્રાદેશિક આંતરસંબંધ ધરાવતી સુધારાસભર કૃષિ માહિતીનું સર્જન કરવું, યોગ્ય રીતે માહિતીની રજૂઆત કરવી અને આ માહિતીનીના ઉપભોક્તાઓ સાથે તેનું આદાન પ્રદાન કરવું.
★ બજારની ઉત્તમ માહિતીનું ઉત્તમ બજાર વ્યુહરચનાના દષ્ટિકોણથી સર્જન કરવું અને ઉપભોક્તાઓને આ માહિતીની ઉપલબ્ધી કરાવવી તથા તેના ઉપભોગ માટે મદદ કરવી.
★ ખેડુતોને ઉચ્ચતર ચોખ્ખી આવક અને ઉચું જીવનસ્તર પ્રાપ્ત કરવામાં મદદ કરવી.




## લઘુત્તમ ટેકાના ભાવો

કૃષિ કિંમતોમાં તીવ્ર ઘટાડા સામે ઉત્પાદકોને વીમાનું રક્ષણ પુરું પાડવા ભારત સરકાર લઘુત્તમ ટેકાના ભાવના સ્વરૂપમાં બજારમાં હસ્તક્ષેપ કરે છે. કૃષિ ખર્ચાઓ અને કિમતોના પંચ (CACP) ભલામણોને આધારે ભારત સરકાર દ્વારા વાવણીની ઋતુ પહેલાં કેટલાંક પાક માટે લઘુત્તમ ટેકાના ભાવની જાહેરાત કરવામાં આવે છે. જે વર્ષોમાં પાકનું વિશાળ પ્રમાણમાં ઉત્પાદન થયું હોય તે સમયે કિંમતોમાં થતા વિશાળ ઘટાડા સામે ઉત્પાદકને રક્ષણ પુરું પાડવા માટે ભારત સરકાર લઘુત્તમ ટેકાના ભાવ નકકી કરે છે. લઘુત્તમ ટેકાનાં ભાવ એ સરકાર દ્વારા ઉત્પાદકોને અપાતી સુરક્ષિત કિંમત છે.આના મુખ્ય હેતુઓ ખેડૂતોને આયાત વિક્રી (વેચાણ) સામે ટેકો પુરો પાડવાનો અને અનાજ સંપાદન કરવાનો છે. વિશાળ પ્રમાણ ટેકો પુરું પાડવાનો અને જાહેર વિતરણ માટે અનાજ સંપાદન કરવાના છે. વિશાળ પ્રમાણમાં વસ્તુની બજાર કિંમત જાહેર કરવામાં આવેલ લઘુત્તમ કિંમત કરતા નીચા જાય તો સરકારની સંસ્થાઓ દ્વારા જાહેર કરવામાં આવેલ લઘુત્તમ કિંમતે ખેડૂતો દ્વારા પૂરો પડાતો બધો જ જથ્થો ખરીદી લે છે.

## વર્ષ ૨૦૧૫-૧૬ માટે ખરીદ પાક માટેના લઘુત્તમ ટેકાના ભાવો

૨૦૧૫-૧૬ની ખરીફ ઋતુ દરમિયાન લઘુત્તમ ટેકાના ભાવથી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી આર્થિક બાબતો ઉપરથી મંત્રીમંડળની સમિતિ દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ની ઋતુનાં ખરીફ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવની મંજુરી આપી છે. કૃષિ અને કિંમતની પંચ (CACP) ની ભલામણોને આધારે ૨૦૧૫-૧૬થી બજારની ઋતુ માટે ખરીફ પાકો માટેની કિંમત નિતિ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉત્પાદનના ખર્ચ, કુલ માંગ અને પુરવઠો આંતરિક અને આંતરરાષ્ટ્રીય કિંમતો આંતર પાક કિંમત સમાનતા, કૃષિ અને બિન કૃષિ ક્ષેત્રો વચ્ચેની વ્યાપારની શરતો, અર્થતંત્રના બાકીના ભાગ ઉપર પડનારી અસર ઉત્પાદનના સાધનો જેવા કે જમીન અને પાણીના તર્ક સંગત ઉપયોગને નિશ્ચિત કરવા ઉપરાંત લઘુત્તમ ટેકાના ભાવથી ભલામણ કરતી વખતે (CACP) વગેરેને પણ ધ્યાનમાં રાખે છે. (CACP) એક નજર મંડળ હોવાથી તેની ભલામણો રીતે તે જ સ્વરૂપમાં સ્વીકારી લેવામાં આવે છે. આ છતાં કઠોળની વિશાળ ખાધની સામે ખાધ અનાજના વિશાળ અધિવેશનના કારણે મંત્રીમંડળે એક અપવાદરૂપે (CACP)ની ભલામણો કરતાં કઠોળ માટે પ્રતિ ક્વિન્ટલે રૂા. ૨૦૦નું બોનસ આપવામાં નકકી કર્યું છે. આ પગલું અપનાવીને ખેડૂતોને વધુ રોકાણ કરીને કઠોળની વધુ પ્રતિ એકર ઉત્પાદકતા મેળવવા માટેનો એક સંકેત આપવામાં આવ્યો છે. તા. ૧-૧૦-૨૦૧૫થી આ કિંમતો અમલી બનશે અને તેના કારણે ખેડૂતોને નિશ્ચિત લાભકારક કિંમતો આપીને રોકાણ અને ઉત્પાદન વધારી શકશે.

## વર્ષ ૨૦૧૫-૧૬ માટે ખરીદ પાક માટેના લઘુત્તમ ટેકાના ભાવો

| પાક | જાત | પ્રતિ ક્વિન્ટલ લઘુતમ ટેકાના ભાવ વર્ષ ૨૦૧૪-૧૫ (રૂા.) | પ્રતિ ક્વિન્ટલ લઘુતમ ટેકાના ભાવ વર્ષ ૨૦૧૫-૧૫૬ (રૂા.) | વર્ષ ૨૦૧૫-૧૬માં થયેલ પ્રતિ ક્વિન્ટલ વધારો (રૂા.) | પ્રતિ ક્વિન્ટલ બોનસ (રૂા.) |
|---|---|---|---|---|---|
| ડાંગર | સામાન્ય | ૧૩૬૦ | ૧૪૧૦ | ૫૦ | |
| | ગ્રેડ - એ | ૧૪૦૦ | ૧૪૫૦ | ૫૦ | |
| જુવાર | હાઈબ્રીડ | ૧૫૩૦ | ૧૫૭૦ | ૪૦ | |
| | માલદાણી | ૧૫૫૦ | ૧૫૯૦ | ૪૦ | |
| બાજરી | | ૧૨૫૦ | ૧૨૭૫ | ૨૫ | |
| મકાઈ | | ૧૩૧૦ | ૧૩૨૫ | ૧૫ | |
| રાગી | | ૧૫૫૦ | ૧૬૫૦ | ૧૦૦ | |
| તુવેર | | ૪૩૫૦ | ૪૬૨૫ (રૂા. ૨૦૦/- બોનસ સાથે) | ૨૭૫ | ૨૦૦ |
| મગ | | ૪૬૦૦ | ૪૮૫૦ (રૂા. ૨૦૦/- બોનસ સાથે) | ૨૦૦ | ૨૦૦ |
| અડદ | | ૪૩૫૦ | ૪૬૨૫ (રૂા. ૨૦૦/- બોનસ સાથે) | ૨૭૫ | ૨૦૦ |
| મગફળી | | ૪૦૦૦ | ૪૦૩૦ | ૩૦ | |
| સોયાબીન | કાળી | ૨૫૦૦ | | | |
| | પીળી | ૨૫૬૦ | ૨૬૦૦ | ૪૦ | |
| સૂર્યમુખી | | ૩૭૫૦ | ૩૮૦૦ | ૫૦ | |
| તલ | | ૪૬૦૦ | ૪૭૦૦ | ૧૦૦ | |
| નાઈઝર | | ૩૬૦૦ | ૩૬૫૦ | ૫૦ | |
| કપાસ | મધ્યમ તારી | ૩૭૫૦ | ૩૮૦૦ | ૫૦ | |
| | લંબ તારી | ૪૦૫૦ | ૪૧૦૦ | ૫૦ | |

Source: http://pib.nic.in/newsite/PrintRelease.aspx?relid=122585

## લઘુત્તમ ટેકાના ભાવો જંગલની નાની ચીજવસ્તુઓના વેચાણમાં દાખલ કરવા આયોજન

શ્રી પ્રકાશ જાવડેકર (કેન્દ્ર સરકારના પર્યાવરણ અને જંગલ ખાતાના રાજ્ય કક્ષાના મંત્રી)ના જણાવ્યા પ્રમાણે હવે આદિવાસીઓ દ્વારા વેચાણ કરવામાં આવતી નાની ચીજવસ્તુઓનાં બજારમાં પણ લઘુત્તમ ટેકાના ભાવો (MSP) શરૂ કરવામાં આવશે. ભારતમાં સ્વાતંત્ર્યતા પછી સૌ પ્રથમ વખત આદિવાસી લોકોને જંગલની પ્રદાશો વેચવામાં લઘુતમ ટેકાના ભાવો પ્રાપ્ત થશે. આ બાબતને તેઓ એક મોટી ક્રાંતિ તરીકે રજૂ કરીને જણાવે છે કે અગાઉનું આ બજાર ખુબ જ શોષણખોર હતું. તેઓ જણાવે છે કે ''અમો બજાર વ્યવસ્થામાં લઘુત્તમ ટેકાના ભાવો દાખલ કરીને આદિવાસી લોકોને ન્યાય આપીશું.'' શ્રી જાવડેકર જણાવે છે કે તેઓ નાના પાયાની જંગલની પેદાશોના વેચાણમાં કેવી રીતે શોષણ થાય છે તે બાબતે સજાગ છે. પ્રસ્તુત અનુસંધાનમાં તેઓ જણાવે છે કે લઘુત્તમ ટેકાના ભાવોની નવી વ્યવસ્થા જંગલની નાના પાયાની ચીજ વસ્તુઓના વેચાણ બાબતે દાખલ કરવામાં આવશે.







## આર્થિક મામલામાં મંત્રીમંડળની સમિતિના અન્ય નિર્ણયો

વિવિધ અહેવાલ દર્શાવે છે કે ઉપલબ્ધિના સંદર્ભમાં દેશના પૂર્વ વિસ્તારોનાં રાજ્યોની અવગણના કરવામાં આવે છે. ચોખા અને ઘઉં માટે ઉપલબ્ધિની વ્યવસ્થા મજબૂત છે, કઠોળ અને તેલીબિંયાં માટે આ વ્યવસ્થા સુધારવાની જરૂર છે. મંત્રીમંડળે એ પણ સૂચન કર્યું છે કે જો જરૂર લાગે તો કઠોળ અને તેલીબિયાં માટે વિશ્વસનીયતા ઉપલબ્ધિની વ્યવસ્થા અમલમાં મૂકવી જોઇએ. ગયા અઠવાડિયામાં કઠોળની આયાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો આ પગલાંને કારણે કઠોળની ભાવ વૃદ્ધિ અંકુશમાં રાખી શકાશે તેવી આશા રાખવામાં આવે છે. છેલ્લા એક વર્ષ દરમિયાન સરકારે એમએસ.પીમાં વધારો કરવા ઉપરાંત ખેડૂતોને લાભ થાય તેવા કેટલાંક પગલાં ભર્યાં છે. આ પગલાં નીચે મુજબ છે.

૧. દેશના દરેક ખેડુતોને ''જમીન સ્વાસ્થ્ય પત્રક'' આપવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. દેશમાં જમીન અને ખાતરની ચકાસણીની પ્રયોગશાળાઓ ઉભી કરીને સેન્દ્રીય ખાતર અપનાવીને દેશમાં જમીન સ્વાસ્થ્ય સંચાલને પ્રોત્સાહન પુરું પાડવામાં આવે છે.
૨. ''પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના'' નામની નવી યોજનાની શરૂઆત કરવામાં આવી છે કે જેનો ઉદ્દેશ ખાત્રીપૂર્વકની સિંચાઇના સ્ત્રોતો ઉભા કરવાનો છે.
૩. ખેડૂતોના જુદા જુદા પ્રશ્નો અને સમસ્યાઓના નિરાકરણ માટે દૂરદર્શન દ્વારા સમર્પિત ''કિસાન ચેનલ'' શરૂ કરવામાં આવી છે.
૪. રાષ્ટ્રીય કૃષિ બજાર સ્થાપવાની પહેલ કરવામાં આવી છે આના કારણે ખેડૂતો તેમનાં કૃષિ ઉપજોનાં વેચાણમાં આવતી અડચણો/વિઘ્નોનો સામનો કરી શકશે અને ચડીયાતી કિંમતો શોધી શકશે અને એક સાર્વજનિક ઇ-બજારનું પ્લેટફોર્મનું નિર્માણ કરવામાં આવ્યું છે તે રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોને વિના મૂલ્યે સેવા પુરી પાડવામાં આવશે.
૫. સરકારે ખેડૂત ઉત્પાદક સંગઠનોની રચના માટે પ્રોત્સાહન પુરું પાડે છે.
૬. કુદરતી આપત્તિઓનો ભોગ બનેલા ખેડુતોને મદદ કરવાની સહાયમાં ૫૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. અગાઉના ૫૦ ટકા કે તેથી વધુ નુકશાનના ધારાધોરણનોને હળવા બનાવવામાં આવ્યા છે અને ખેડૂતોને ૩૩ ટકા કે તેથી વધુ નુકશાન થયું હોય તેમને સહાય મળશે તેમ નક્કી કરવામાં આવ્યું છે.

બુક પોસ્ટ

પ્રતિ શ્રી

_______________________

_______________________

_______________________

_______________________

_______________________


મોકલનાર:
એગ્રો ઈકોનોમીક રીસર્ચ સેન્ટર
ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે
(કૃષિ મંત્રાલય, ભારત સરકાર)
એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ,
નંદાલય હવેલીની સામે, પોસ્ટ બોક્સ નંબર ૨૪,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત
ફોન : +૯૧-૨૬૯૨-૨૩૦૧૦૬, ૨૩૦૭૯૯
ફેક્સ : +૯૧-૨૬૯૨-૨૩૩૧૦૬


Lajja : 02692-233864